ગુજરાત રાજયમાં પ્રાથમિક શાળાઓમાં સ્વૈચ્છિક સંસ્થાઓ (N.G.O.)દ્વારા ચાલતી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત સને ૨૦૧૫-૧૬માં કુકીંગ કોસ્ટના દરમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૦/૬૪૩/આર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૯ /૧૨/૨૦૧૫

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારની મ.ભો.યો. અંગે માર્ગદર્શક સુચનાઓ "NPNSPE-GUIDE LINES-2006"
(૨) શિક્ષણ વિભાગના તા.૩/૫/૨૦૦૬, તા.૨૭/૦૪/૨૦૧૨,તા.૧૯/૧૧/૨૦૧૩ અને તા.૧૦/૧૧/૨૦૧૪ના સરખા ક્રમાંકના ઠરાવ.
(૩)ભારત સરકારનો તા.૨૮/૭/૧૫નો પત્ર ક્રમાંક-F નં.૧-૧/૨૦૦૯/ડેસ્ક/(એમડીએમ)
(૪) કમિશ્નરશ્રી,મ.ભો.યો નો તા.૨૫/૮/૨૦૧૫ના પત્ર ક્રમાંક: મભય/અમલ/વશી/૧૫૬૨-૬૪૮૪/૮૪૮૪ અને તા.૧૯ /૯/૨૦૧૫ના પત્ર ક્રમાંક: મભય/અમલ/વશી/૧૭૯૮/૫૯૬૨.

ઠ રા વ

ગુજરાત રાજયમાં ચાલતી સરકારી પ્રાથામિક શાળાઓ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પ્રાથામિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાના અમલ માટે હાલમાં બે પધ્ધતિ અમલમાં છે.(૧) શાળાવાર કેન્દ્ર સંચાલકની નિમણૂંક દ્વારાઅને (૨) પ્રાયોગિક ધોરણે સ્વૈચ્છિક સંસ્થાઓ (N.G.O.) દ્વારા કેન્દ્રીયકૃત રસોડા પધ્ધતિ દ્વારા પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન પુરૂ પાડવામાં આવે છે.રાજ્યમાં ચાલતી પ્રાથમિક શાળાઓમાં સ્વૈચ્છિક સંસ્થાઓ (N.G.O.)ને સંદર્ભ-(૨)માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૧૦/૧૧/૨૦૧૪ના સરખા ક્રમાંકના ઠરાવથી ધોરણ-૧ થી ૫ ના વિદ્યાર્થી દીઠ રુ.૩.૫૯ પૈસા દૈનિક અને ધોરણ-૬ થી ૮ ના વિદ્યાર્થી દીઠ રુ.૫.૩૮ પૈસા દૈનિક કુકીંગકોસ્ટ આપવામાં આવે છે.હાલના દરમાં ૫ % લેખે સને.૨૦૧૫-૧૬માં કુકીંગકોસ્ટના દરમાં વધારો કરવા અંગે સંદર્ભ-(૩)માં દર્શાવેલ ભારત સરકારના પત્ર અન્વયે સંદર્ભ- (૪)માં દર્શાવેલ કમિશ્નરશ્રી,મ.ભો.યો નો તા.૨૫/૮/૨૦૧૫ના અને તા.૧૯ /૯/૨૦૧૫ના પત્રથી કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે રાજયમાં ચાલતી સરકારી પ્રાથામિક શાળાઓ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત પ્રાથામિક શાળાઓમાં સ્વૈચ્છિક સંસ્થાઓ (N.G.O.) દ્વારા ચાલતી મધ્યાહન ભોજન યોજનામાં કુકીંગ કોસ્ટનો દર ધોરણ-૧ થી ૫ ના વિદ્યાર્થી દીઠ રુ. ૩.૭૬ પૈસા દૈનિક અને ધોરણ-૬ થી ૮ ના વિદ્યાર્થી દીઠ રુ. ૫.૬૪ પૈસા દૈનિક નીચે મુજબ શરતોને આધિન આપવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | ખાદ્ય પદાર્થ | સને.૨૦૧૫-૧૬માં કુકીંગ કોસ્ટનો દર વિદ્યાર્થીદીઠ દૈનિક( રૂપિયામાં) | | | |
|---|---|---|---|---|---|
| | | ધોરણ ૧ થી૫ | | ધોરણ ૬ થી ૮ | |
| ૧ | અનાજ (ઘઉ/ચોખા ) | ૦.૦૦ | | ૦.૦૦ | |
| ૨ | દાળ/કઠોળ | ૧.૧૮ | | ૧.૭૬ | |
| ૩ | શાકભાજી મરીમસાલા | ૧.૪૦ | ૨.૧૭ | ૨.૧૦ | ૩.૨૬ |
| | બળતણ ગેસ | ૦.૬૯ | | ૧.૦૪ | |
| | દળામણ | ૦.૦૮ | | ૦.૧૨ | |
| ૪ | તેલ | ૦.૪૧ | | ૦.૬૨ | |
| | કુલ . | ૩.૭૬ | | ૫.૬૪ | |

(૧) રાજયમાં ચાલતી પ્રાથમિક શાળાઓમાં સ્વૈચ્છિક સંસ્થાઓ (N.G.O.)દ્વારા ચાલતી મધ્યાહન ભોજન યોજનામાં ચુકવવાના કુકીંગ કોસ્ટના કરેલ વધારાનો **અમલ તા.૧/૭/૨૦૧૫થી કરવાનો રહેશે.**

(૨) સ્વૈચ્છિક સંસ્થાઓ (N.G.O.)ને કામગીરી સોપતી વખતે કરેલ એમ.ઓ.યુ.(M.O.U.)ની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૯/૧૦/૧૫ તથા સરકારશ્રીની તા.૩ /૧૨/૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન. મંત્રીશ્રીઓ/રા.ક. મંત્રીશ્રીઓ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ટે.અને ઉ.શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- શિક્ષણ વિભાગ હેઠળના ખાતાના વડાઓ,
- અક્ષયપાત્ર ફાઉન્ડેશન,બી.૧૫૨/૧૫૩,સેકટર-૨૫,જી.આઇ.ડી.સી.,ગાંધીનગર.
- સ્ત્રી શકતિ સંસ્થા,૨૫-ઇન્દ્રપ્રસ્થ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,પેપર મીલ સામે,આઇ.બી.એસ.માર્ગ,વિક્રોલી (વેસ્ટ)મુંબઇ
- નાયક ફાઉન્ડેશન,મું.પાલી,તા.ગણદેવી,વાયા-બીલીમોરા,જિલ્લો નવસારી.
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.

(ઉપરના ચાર માટે) કમિશ્નરશ્રી,મ.ભો.યો.ગાંધીનગર મારફતે

- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબ સાઇટ પર મુકવા સારૂ.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.